





**ગાયને રાષ્ટ્રીય પશુ જાહેર કરવા અને ગૌહત્યાના કાયદાને જોગવાઈ માટે બાયડ મામલતદારને આવેદનપત્ર**

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના બોરમઠ ગૌ પશુ જાહેર કરવા વિહોતર ગ્રુપ અને માલધારી સમાજ દ્વારા કરી બાયડ મામલતદારને આવેદન પત્ર આપી ગૌમાતાને માતા જાહેર કરવાની માંગ સાથે ગૌ હત્યા રોકવા માટે સજાની જોગવાઈ ગૌ હત્યા ગુન્હામાં ફાંસીની જોગવાઈ કરવામાં આવે તેમજ સરકાર દ્વારા પોલીસ સ્ટેશન દીઠ ગૌરક્ષકો નીમવામાં આવે. આ રેલીમાં ક્ષત્રિય સમાજના લોકો જોડાયા હતા.

# દાહોદ, અમરેલી અને તાપીમાં નવી મેડિકલ કોલેજ શરૂ કરાશે

## રાજ્યના છેવાડાના અંતિમ માનવી સુધી સર્વાંગી સુવિધા પહોંચાડવા માટેનો હેતુ છે : જામનગરની પ્રથમ મુલાકાતે

અમદાવાદ, તા.૩૦

મુખ્યપ્રધાન બન્યા પછી વિજય રૂપાણીની જામનગરની પ્રથમ મુલાકાત દરમિયાન વિકાસ કામોના લોકાર્પણની સાથે તેમણે દાહોદ, અમરેલી અને તાપી જેવા રીમોટ વિસ્તારોમાં નવી મેડિકલ કોલેજ શરૂ કરવાની જાહેરાત કરી હતી.

રાજ્ય સરકાર છેવાડાના અંતિમ માનવીને પણ સંવેદના સાથે સર્વાંગી સુવિધા ઘર આંગણે જ મળી રહે તે અમારી સરકારની નેમ છે અને તે માટે અનેકવિધ આરોગ્ય સુખાકારી અને સુવિધા વધારવા માટે કટીબધ્ધ છે તેમ વિજય રૂપાણીએ જામનગરમાં જણાવ્યું હતું. મુખ્યપ્રધાન બન્યા બાદ જામનગરની પ્રથમ મુલાકાત માટે હર્ષ વ્યક્ત કરતા તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજયને વધુમાં વધુ તાલીમબધ્ધ ડોકટરોની સેવા મળી રહે તે માટે રાજય સરકારે નવી હેલ્થ પોલીસી હેઠળ દાહોદ, અમરેલી, તાપી જેવા રીમોટ વિસ્તારોમાં નવી મેડીકલ કોલેજો શરૂ કરવામાં આવશે.

આ માટે રાજય સરકાર જમીનની ફાળવણી ઉપરાંત સીટી દીઠ વાર્ષિક ૧૫ લાખ રૂપિયા ફાળવવામાં આવશે. તેજ રીતે શહેરી વિસ્તારો કે જ્યાં મેડીકલ કોલેજ શરૂ કરવા જમીનની ફાળવણી તથા ૨૫ લાખ રૂપિયા વાર્ષિક ફાળવાશે. આ તકે ૧૯૦ કરોડન ખર્ચે નવનિર્મિત મેડીકલ કોલેજમાં ઉપલબ્ધ કરાવાયેલી અદ્યતન માળખાગત સુવિધાઓની માહિતી મેળવી સંતોષ વ્યક્ત કર્યો હતો તથા કોલેજને મેડીકલની વધુ ૫૦ સીટો મળે તે માટે કાર્યવાહી કરવાની પ્રતિબધ્ધતા દર્શાવી હતી.

મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ રવિવારે જામનગરમાં કુલ ૧૪૨ કરોડ ખર્ચે તૈયાર થયેલ ભુગર્ભ ગટર યોજનાનું અને ૭૮ કરોડના ખર્ચે તૈયાર થયેલ અદ્યતન સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ કર્યું હતું. તેમજ ૭૫ કરોડના ખર્ચે નિર્માણ થનાર વેસ્ટ ટુ એનર્જી પ્રોજેક્ટનું ખાતમુહુર્ત કર્યું હતું અને બાદમાં એમપી શાહ સરકારી મેડીકલ કોલેજ જામનગરમાં નવ નિર્મિત સંકુલનું લોકાર્પણ સંપન્ન કરવામાં આવ્યું હતું. મુખ્યપ્રધાને હોસ્પિટલનાં વિવિધ વિભાગોની મુલાકાત લઈને વિસ્તૃત જાણકારી પ્રાપ્ત કરી હતી.



પલ્સ પોલીયો નાબુદી અભિયાન અંતર્ગત તા. ૨૯મી જાન્યુઆરીના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બિલોદરાના વિહાર ગામે પચ્ચીસ ગામ કડવા પાટીદાર સમાજ દ્વારા સમૂહ લગ્નોત્સવમાં નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે પોલીયો રસીના ટીપાં પીવડાવવામાં આવ્યા. આ પ્રસંગે તાલુકા આરોગ્ય અધિકારી મેડીકલ ઓફિસર બિલોદરા આયુષ મેડિકલ ઓફિસર બિલોદરા, સ્ટાફ અને સમાજના હોદ્દેદારો હાજર રહ્યા હતા. સમુહલગ્નમાં આવનાર પાંચ વર્ષથી નાના બાળકોને પોલીયોની રસી પીવા માટે પ્રોત્સાહન આપી ૩૨૭ બાળકોને રસીકરણથી પોલીયો રોગ સામે રક્ષીત કરવામાં આવેલ.

# મુખ્ય સચિવ રજા પર જતાં તનેજાને સોંપાયેલો હવાલો

અમદાવાદ, તા.૩૦

રાજયના મુખ્યસચિવ ડૉ.જેએન સીંગ તા.૨૯મીથી ૧૨મી ફેબ્રુઆરી સુધી ૧૨ કામના દિવસો સુધી રજા પર હોવાથી ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્યસચિવ પીકે તનેજાને મુખ્ય સચિવપદનો વધારાનો હવાલો સોપવામાં આવ્યો છે અને ડૉ.જેએન સીંગે રજા પરથી પરત આવ્યા બાદ સરકારને જાણ કરવાની રહેશે અને પીકે તનેજા પાસેથી મુખ્યસચિવપદનો વધારાનો હવાલો પરત મેળવી લેવાનો રહેશે. તો રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના નોટિફિકેશનમાં જણાવવામાં આવ્યું છે.

# મોડાસા નજીક પહાડપુર ગામે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લામાં મોડાસા નજીક પહાડપુર ગામે આજે મંગળવારથી મહાકાળી માતાજીના મંદિરે ત્રણ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે.

પ્રથમ દિવસે આજે ૩૧મી જાન્યુઆરીએ પંચાંગ કર્મ, મંડપ પ્રવેશ, દેવપૂજન, અગ્નિ સ્થાપન સહિતના કાર્યક્રમો રહેશે અને પ્રથમ દિને રત્ન ૮ કલાકે નવા રેવાસ કાલી મંદિર જ્ઞાનેશ્વર આશ્રમના સંત જ્ઞાનનંદ સરસ્વતીનો સત્સંગ યોજાશે.

બીજા દિવસે બુધવારે ૧લી ફેબ્રુઆરીના રોજ જલયાત્રા અને મૂર્તિઓની શોભાયાત્રા સહિતના કાર્યક્રમો અને રાતે ૮ વાગે વક્તાપુરવાળા લાલજી મહારાજનો સત્સંગ યોજાશે.

જ્યારે ત્રીજા દિવસે ગુરૂવારે બીજી ફેબ્રુઆરીના રોજ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા સાથે પૂર્ણાહૂતિ બપોરે ૧.૨૦ કલાકે અને દોઢ વાગે મહાઆરતી થશે. મુખ્ય યજમાનપદે સ્વ. પાર્વતીબેન જયંતિભાઈના પુત્રો પિયુષભાઈ જયંતિભાઈ પટેલ તથા સમીરભાઈ જયંતિભાઈ પટેલ રહેશે. યજ્ઞ આચાર્યપદે શાસ્ત્રી ઋષિકેશ મુકુંદરાય ગોર અને શાસ્ત્રી શશીકાન્ત વ્યાસદેવ બિરાજશે.

### ખેતીમાં નફાકારકતા વધારવાના અભિયાન અંતર્ગત

# ઉત્પાદન ખર્ચ ઘટાડી કૃષિ ઉપજમાં વૃદ્ધિ લાવવા અરવલ્લીમાં પ્રથમ વિશાળ ખેડૂત સંમેલન યોજાયું

મોડાસા, તા. ૩૦

અરવલ્લી સહિત ઉત્તર ગુજરાતમાં હવે ખેડૂતો રોકડીયા પાકો તરફ વળ્યા છે ત્યારે ખેતીમાં નફાકારકતા વધારવાના અભિયાન અંતર્ગત આજરોજ અરવલ્લી જિલ્લામાં પ્રથમ વિશાળ ખેડૂત સંમેલન ટીંટીસર-સજાપુરમાં યોજાતા મોટી સંખ્યામાં ખેડૂતો ઉમટી પડ્યા હતા.

ખેડૂત સંમેલન દ્વારા વધુ ખેડૂતો ખેત ઉત્પાદન ખર્ચ ઘટાડી વધુ ઉત્પાદન મેળવી શકે તે અંગેના ખુબ જ ઉપયોગી અસરકારક ઉપાયોનું આજરોજ મોડાસાના પૂર્વ ધારાસભ્ય દિલિપસિંહ પરમારના પ્રમુખપદે યોજાયેલ. આ વિશાળ કિસાન સંમેલનમાં વિવિધ કૃષિ તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધ સોલવન્ટ એક્સટ્રેક્ટર્સ એસો. ઓફ ઈન્ડીયાના કન્વીનર અને પ્રોજેક્ટ ઈન્ચાર્જ હરેશભાઈ સોમાલાલ વ્યાસે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ખેડૂતોને આવકારતા જણાવ્યુ હતુ કે આજરોજ અરવલ્લી જિલ્લાના સંમેલન પછી આગામી તા. ૫-૨-૨૦૧૭ના રોજ બનાસકાંઠાના ઈકબાલગઢ ખાતે આવુ જ વિશાળ કિસાન સંમેલન યોજીને ખેડૂતોને માર્ગદર્શન પુરૂ પડાશે.

ખેડૂતોની પાસે કોઈપણ બિયારણ-ખાતરના મૂલ્ય લીધા વિના પ્રયોગિક ધોરણે ૩૦૦ વીઘામાં દિવેલાનું વાવેતર કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્પાદન ખર્ચ કઈ રીતે ઘટે અને વધુ ઉત્પાદન મેળવી શકાય અને આ ખેતી નફાકારક બને તે અંગે ખૂબ જ ઉંડાણપૂર્વક માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. આ સંમેલનમાં અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી વિશાલ ગુપ્તા તેમજ જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પી. પટેલ ઉપરાંત બનાસકાંઠાના ખેડૂત અગ્રણી મગનકાકા તેમજ સ્થાનિક સરપંચે એરંડા ઉત્પાદકતા વૃદ્ધિ અંગે ખેડૂતોને પ્રેરણારૂપ ઉદાહરણો સહિત માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. પ્રારંભે મુખ્ય આયોજક પ્રહલાદસિંહ ચંપાવતે સંમેલનનો ઉદ્દેશ સમજાવી મહેમાનોનું સ્વાગત કર્યુ હતુ. જ્યારે એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર ડૉ. વી.વી. મહેતાએ આવનારા દિવસોમાં વધુ લોકો આ અભિયાનમાં જોડાય તે માટે અનુરોધ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન નિવૃત્ત આચાર્ય શીવુભાઈ આર. શર્માએ આગવી શૈલીમાં કર્યું હતું.

# નરેન્દ્ર મોદી વિચાર મંચ આઈ ટી સેલ કાંકરેજ તાલુકાના હોદ્દેદારોની વરણી

કાંકરેજ, તા. ૩૦

નરેન્દ્ર મોદી વિચાર મંચ આઈટી સેલના રાષ્ટ્રીય મહામંત્રી નરેશ પ્રતાપસિંહ અને ગુજરાત પ્રદેશ પ્રમુખ રેખા જગદીશ રાવલની અનુમતિથી અને ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ મુકેશભાઈ દરજીની ભલામણથી બનાસકાંઠા પ્રમુખ શ્રવણસિંહ ડાભી તથા બનાસકાંઠા મંત્રી ભરત આર. રાવલ (રાણાવડાજા.) નરેન્દ્ર મોદી વિચાર મંચ આઈટી સેલના તાલુકા લેવલે હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે.

કાંકરેજ તાલુકાના નરેન્દ્ર મોદી વિચાર મંચ આઈ ટી સેલના પ્રમુખ તરીકે ભરતભાઈ જે. રાવલ, મહામંત્રી તરીકે ભરતકુમાર કે. દવે, વિષ્ણુભા મેતુભા વાઘેલાની નિમણુંક કરેલ છે. ઉપપ્રમુખ તરીકે જાદવ મેતુભા સજ્જનસિંહ અને મહેશ વી. વાઘેલા, મંત્રી તરીકે વાઘેલા પ્રેમસિંહ, પટેલ ઉમેદભાઈ જે. વાઘેલા રઘુભા એન. કલ્પેશ આર. ઠક્કરની વરણી કરવામાં આવેલ છે. કોષાધ્યક્ષ તરીકે મહેશભાઈ પી.ની નિમણુંક કરવામાં આવી છે.



અરવલ્લી જિલ્લાની નામાંકિત મોડાસાની કે.એન. શાહ હાઈસ્કૂલની છાત્રા કુ. નૈયા ડી. જોશીએ ઓલ ઈન્ડિયા નિબંધ લેખનમાં ગુજરાત ઝોન કક્ષાએ દ્વિતીય સ્થાન મેળવીને શાળાનું ગૌરવ વધાર્યું છે. થતા પ્રમુખ બીપીનભાઈ શાહ તથા આચાર્યએ તેણીને મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## વિચારયાત્રા ● ૪ પાનાનું ચાલુ...

● યહાં ચેહરે નહીં ઈન્સાન પઢે જાતે હૈ...
મજહબ નહીં ઈમાન પઢે જાતે હૈ...
યહા એસા દેશ હૈ દોસતો
જહા ગીતા ઔર કુરાન એક સાથે પઢે જાતે હૈ...

કાર્યક્રમનું સંચાલન દિનેશ બાવરાએ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે,

એક અંગ્રેજ હમ સે ટકરા ગયા,
ટકરા ગયા ગયા સભ્યતા ઔર સંસ્કૃતિ કો લેકર વિવાદો પર આ ગયા
ઉસને કહા હમારા વેસ્ટર્ન કલ્ચર અચ્છા હૈ
ઈસીલિયે આપ અપના રહે હૈ, પૂરી તરફ સે વેસ્ટર્નાઈઝ હોતે જા રહે હૈ
હમને કહાં એસી કોઈ બાત નહીં હૈ,
હમ અપની સભ્યતા ઔર સંસ્કૃતિ ઈસ લિયે ખો રહે હૈ
કયોંકિ હમ પરિશ્રમ છોડ સુવિધા ભોગી હો રહે હૈ
અરે વિશ્વાસ નહીં હોતા, આ... મેં તેરા ટી-શર્ટ જીન્સ દો મિનટ મેં પહનકર દિખાતા હૂં
તૂં મેરે દેશ કી ધોતી દો ઘંટેમેં પહનકર દીખા...

● દૂધ તો દૂધ પાની કો પાની કહ દૂ,
મેઘ કી ગર્જના દરિયા કી રવાની કહ દૂ
ફૈસ ને ભેજી થી લૈલા કી જો નિશાની કહ દૂ
સૂર કે પદ મીરા કી વાણી કહ દૂ
અગર યૂં હી ચૂપ રહે તો કુછ કહ ન પાઉંગા
ઝરા સાથ દો તો દૂનિયા કી કહાની કહ દૂં...

અંતમાં આવા સુંદર આયોજક બદલ શાળાના ડાયરેકટર રાની ચૌધરીએ આભારદર્શન કર્યું હતું.

પાટનગરમાં હિન્દી (રાષ્ટ્રભાષા) ના વ્યાપને વધારવાના આ સહારનીય પગલું આવકાર દાયક છે.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

## ડ્રાફ્ટ બજેટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બહારથી સેવાઓ સમયાંતરે લેવી પડે છે ત્યારે સઘન મોનીટરીંગ સહિતના શું પગલાં લેવામાં આવે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

સરકારી સાધનોમાંથી ગ્રાન્ટ મળે છે પરંતુ જે વિકાસના કામો હાથ ધરાયા નથી ત્યારે આગામી સમયમાં કેવા વિકાસના કામો સૂચવવામાં આવે છે તેની પણ અટકળો વહેતી થઈ છે.

શહેરી બસ સેવા તેમજ મનપાની વોર્ડ કચેરીઓના આધુનિકરણની વાતો આ બજેટમાં પૂર્ણ થશે કે કેમ તે પણ પ્રશ્નાર્થ બની ઉભરી રહી છે.

સાંસદો અને ધારાસભ્યોએ વિકાસના કામો માટે ફાળવેલી રકમ અને સ્વચ્છતાની કામગીરીની ધીમી ગતિ સામે અસરકારક મોનીટરીંગ માટે શું પગલાં સૂચવવામાં આવે છે તેની સૌ રાહ જોઈ બેઠા છે.

વિવિધ તંત્રો વચ્ચે સુયોગ્ય સંકલન સાધવામાં મનપા નિષ્ફળ રહ્યુ હોઈ નવી સેવાઓ સરકાર આ વર્ષે આપે છે કે કેમ તેની કોઈ ઘોષણા આ ડ્રાફ્ટ બજેટમાં થશે કે કેમ તેની અટકળોએ પણ જોર પકડ્યું છે.

મનપાનું બજેટ રૂ. ૨૦૦ કરોડની આસપાસનું રહેશે તેમ મનાઈ રહ્યુ છે. જોકે નવી સેવાઓ માટે શુ પગલાં લેવામાં આવશે તે અંગેની અટકળો કેટલી સાચી પડે છે તે તો ૩જી ફેબ્રુઆરીએ જ ડ્રાફ્ટ બજેટ વખતે ખબર પડશે.

## કેન્દ્રીય ટીમ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અહેવાલ શહેરી વિકાસ વિભાગને આપશે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સ્વચ્છતાના ૨૦ ગુણ હોય છે એટલે આ ટીમની મુલાકાત મહત્વની પુરવાર થશે. સ્વચ્છતા અંગે સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં મહત્વનું સ્થાન છે. આ ટીમ સમક્ષ મનપા દ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસના કામો તેમજ વાઈ-ફાઈ સીટી જે બનાવવામાં આવેલ છે તે અંગેનું પ્રેઝન્ટેશન રજુ કરનાર છે.

આ ઉપરાંત ગાંધીનગર મનપા દ્વારા વેરા વસુલીની કામગીરી સહિતની બાબતે અંગેની વિગતો પણ મનપા દ્વારા રજુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

## અંદાજપત્ર સત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કાર્યક્રમ જાહેર કરવામાં આવી ચુક્યો છે. જેમાં ઉત્તરપ્રદેશ, પંજાબ અને ગોવાની વિધાનસભાની ચૂંટણીનો સમાવેશ થાય છે. કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષોએ બજેટ હાલમાં ટાળી દેવા માટે જોરદાર રજૂઆત કરી હતી. જો કે તેમની રજૂઆત પર ધ્યાન અપાયુ નથી. જેથી બજેટ સત્ર આવતીકાલથી જ શરૂ થઈ રહ્યુ છે. સામાન્ય રીતે બજેટ ફેબ્રુઆરીના અંતિમ દિવસે રજૂ કરવામાં આવે છે. આ વખતે કેટલીક બાબતો નવી ઉમેરી દેવામાં આવી છે. નવા નાણાંકીય વર્ષની શરૂઆત એટલે કે પહેલી એપ્રિલના દિવસથી નવી નાણાંકીય જોગવાઈ અમલી બની શકે તે માટે એક મહિના પહેલા બજેટ રજૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

બજેટ સત્ર તોફાની બનવાના સંકેત દેખાઈ રહ્યા છે. કારણ કે કેન્દ્ર સરકાર અને મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસ કેટલાક મુદ્દા પર આમને સામને છે. સરકારને ભીંસમાં લેવા માટે કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો તૈયારી કરી ચુક્યા છે. જ્યારે મોદી સરકાર આ સત્રને સાનુકુળ વાતાવરણમાં પાર પાડવા માટે ઈચ્છુક છે. આ વખતે બજેટ સત્રમાં સરકાર નાણાંકીય કામકાજ ઉપર વધારે ભાર મુકવા માટે ઈચ્છુક છે. નોટબંધીના કારણે અગાઉના સત્રમાં કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોએ ભારે ધાંધલ ધમાલ મચાવી હતી અને સુધારા બિલોને અટવાઈ પાડ્યા હતા. સંસદનુ કામકાજ ખોરવાઈ ગયુ હતુ. બજેટ સત્ર રચનાત્મક રહેશે તેવી આશા કેન્દ્ર સરકાર રાખે છે. દેશને વિકાસના માર્ગ ઉપર આગળ લઈ જવા માટે તમામ લોકો સહકાર આપે તે જરૂરી છે. ગરીબો, યુવાનો અને સમાજના અન્ય વર્ગના લોકોના કલ્યાણ ઉપર હવે મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરાશે. બજેટ સત્રમાં અનેક મુદ્દાઓ તોફાનીરીતે ચમકે તેવી શક્યતા છે. બજેટ બત્ર પહેલા જ રચનાત્મક ચર્ચા માટે કેન્દ્ર સરકારને કોંગ્રેસને આમંત્રણ આપ્યું છે જેથી નવી આશા પણ દેખાઈ રહી છે પરંતુ કોંગ્રેસ પોતાની શરતો ન સ્વિકારાય ત્યાં સુધી કેટલાક મુદ્દા ઉપર સરકારને ભીંસમાં લેવાના પ્રયાસ કરશે. સત્ર દરમિયાન દેશમાં હાલમાં વધી ગયેલા ત્રાસવાદી હુમલા અને આંતરિક સુરક્ષા સહિતના પાસા પર ચર્ચા કરવામાં આવનાર છે.

આ મુદ્દે રાજકીય ગરમી વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. બજેટ સત્રને લઈને તમામ પક્ષો પોત પોતાની રીતે તૈયારી કરી ચુક્યા છે. નોટબંધી બાદ લોકોને કેટલીક રાહત આપવામાં આવી શકે છે. તૃણમૂલ કોંગ્રેસ નોટબંધીની સાથે સાથે ચીટ ફંડ કૌભાંડમાં તેના બે સાંસદોની ધરપકડનો મુદ્દો પણ ઉઠાવશે. સાથે સાથે બજેટસત્રમાં ભાગ નહીં લેવાનો નિર્ણય કર્યો છે.

## મર્યાદા હટાવાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. આવી સ્થિતિમાં રિઝર્વ બેંકે આજે વધુ રાહત આપવાની જાહેરાત કરી દીધી હતી. હવે એટીએમ માટે કોઈ રોકડ ઉપાડ મર્યાદા રાખવામાં આવી નથી. ઈચ્છા મુજબ નાણા ઉપાડી શકાશે. રિઝર્વ બેંકે એમ પણ કહ્યું છે કે કરંટ એકાઉન્ટ અથવા તો કેશ ક્રેડિટ એકાઉન્ટમાંથી કેશ વિડ્રોઅલ ઉપરની મર્યાદા પણ તાત્કાલિક અમલ સાથે પાછી ખેંચી લીધી છે. જોકે બચત બેંક ખાતા ઉપરની મર્યાદા જારી રાખવામાં આવી છે. નજીકના ભવિષ્યમાં આ સંદર્ભમાં વિચારણા કરવામાં આવશે. આરબીઆઈના નવેસરના પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે નોટબંધી બાદ સ્થિતિ હવે સુધરી ચુકી છે. જેથી પહેલા જેવી સ્થિતિ બનાવી દેવામાં આવી છે. બચત બેંક ખાતા ઉપરની મર્યાદા હાલમાં જારી રહેશે.

સરક્યુલરમાં કેટલીક બાબતોનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પેમેન્ટના ડિઝીટાઈજેશનની દિશામાં આગળ વધવા સંબંધિતોને કહેવામાં આવ્યું છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આજે આ મુજબની જાહેરાત કરી હતી. સંસદનું બજેટસત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે ત્યારે નોટબંધીના મુદ્દે પણ હોબાળો થવાની શક્યતા દેખાઈ રહી છે. આઠમી નવેમ્બર બાદથી લોકો મુશ્કેલી અનુભવી રહ્યા છે. કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો નોટબંધીને લઈને સરકારને બજેટસત્રમાં પણ ભીંસમાં લેવાની યોજના બનાવી રહ્યા છે ત્યારે બજેટસત્રના એક દિવસ પહેલા જ રિઝર્વ બેંકે પરિપત્ર જારી કરીને કહ્યું છે કે પહેલી ફેબ્રુઆરીના દિવસથી એટીએમ માટે રોકડ ઉપાડ મર્યાદા રહેશે નહીં. આની સાથે જ વિરોધ પક્ષોને વધુ એક જવાબ સરકારે આપી દીધો છે.